# મધ્યસ્થી (આર્બિટ્રેટર)

મધ્યસ્થતા (આર્બિટ્રેશન) એ વિવાદના નિરાકરણ માટે અદાલતો તરફ જવાને બદલે પક્ષકારો દ્વારા પસંદ કરાયેલ ખાનગી વિવાદ નિરાકરણ પ્રક્રિયા છે. મધ્યસ્થી તે છે જે વિવાદના નિરાકરણ, ઉકેલની આ સમગ્ર પ્રક્રિયાની દેખરેખ કરે છે અને વિવાદનો ઉકેલ લાવે છે. ભારતમાં, કાયદા મુજબ, કોઈપણ રાષ્ટ્રીયતાની વ્યક્તિ મધ્યસ્થી હોઈ શકે છે અને સંબંધિત પક્ષો મધ્યસ્થી અથવા લવાદીની નિમણૂક માટેની પ્રક્રિયા પર સંમત થવા માટે સ્વતંત્ર છે.

## વ્યક્તિગત નિપુણતા

- તમે તમામ પ્રકારના લોકો સાથે સહજ રીતે વાતચીત કરી શકો છો
- તમને લોકોની સમસ્યાઓ ઉકેલવામાં મદદરૂપ થવાનો પ્રયાસ કરવો ગમે છે
- લોકોને વાતચીત દ્વારા સમજાવવા, સહમત કરવા તમને પસંદ છે

## ફી

આ અભ્યાસક્રમની ફી આશરે **રૂ. ૨૦,૦૦૦ થી ૨,૦૦,૦૦૦*** જેટલી હોય છે.

*આ અંદાજિત રકમ છે અને વિવિધ શૈક્ષણિક સંસ્થાઓ મુજબ તેમાં ફેરફાર હોય શકે છે.

## શિષ્યવૃત્તિ

- કાયદાના વિદ્યાર્થીઓ માટેની આદિત્ય બિરલા શિષ્યવૃત્તિ અને જી.ઈ.વી. મેમોરિયલ મેરિટ શિષ્યવૃત્તિ ખાસ કરીને કાયદાના વિદ્યાર્થીઓ માટે ઉપલબ્ધ શિષ્યવૃત્તિ છે.
- **રાષ્ટ્રીય શિષ્યવૃત્તિ પોર્ટલ - www.scholarships.gov.in** ની મુલાકાત લો. આ પોર્ટલ હેઠળ કેન્દ્ર સરકારના વિવિધ વિભાગો, UGC/AICTE યોજનાઓ તેમજ રાજ્ય દ્વારા અમલમાં મુકવામાં આવેલી યોજનાઓ દ્વારા આપવામાં આવતી સહાય અંગેની માહિતી ઉપલબ્ધ છે.*
- ઉપલબ્ધ શિષ્યવૃત્તિની વિગતો માટે **digitalgujarat.gov.in** ની મુલાકાત લો. ધોરણ XI થી શરૂ થતી શિષ્યવૃત્તિ માટે આ એક પ્રવેશદ્વાર છે.*
- યોગ્યતાના આધારે સંસ્થાઓમાં પણ શિષ્યવૃત્તિ ઉપલબ્ધ છે.*

*(આ શિષ્યવૃત્તિની ઉપલબ્ધતા સમયાંતરે બદલાઈ શકે છે)

## લોન

- વિદ્યાલક્ષ્મી, **www.vidyalakshmi.co.in**, શૈક્ષણિક લોન મેળવવા માંગતા વિદ્યાર્થીઓ માટેનું એક પોર્ટલ છે. આ પોર્ટલ નાણાકીય સેવા વિભાગ, (નાણાં મંત્રાલય), ઉચ્ચ શિક્ષણ વિભાગ (શિક્ષણ મંત્રાલય) અને ઈન્ડિયન બેંક્સ એસોસિએશન (IBA)ના માર્ગદર્શન હેઠળ વિકસાવવામાં આવેલ છે.
- કેટલાક રાજ્યોમાં ઓછા વ્યાજ દરો સાથે વિદ્યાર્થી ક્રેડિટ કાર્ડ ઉપલબ્ધ છે, ઉદાહરણ તરીકે, પશ્ચિમ બંગાળ, ઓડિશા, બિહાર, વગેરે.
- તમામ બેંકો શૈક્ષણિક લોન આપે છે.

## પ્રવેશ માટે...

૧. કોઈપણ વિદ્યાશાખામાં ધો. ૧૨ પૂર્ણ કરો.

૨. સ્નાતક (LLB આર્બિટ્રેશન લો / BCom / CA / CS / એન્જિનિયરીંગ વગેરે)ની ડિગ્રી પૂર્ણ કરો અને ભારતીય આર્બિટ્રેશન અને મધ્યસ્થી સંસ્થામાંથી આર્બિટ્રેશનમાં વ્યાવસાયિક પ્રમાણપત્ર અભ્યાસક્રમ પસંદ કરો. **અથવા**

સ્નાતકની ડિગ્રી મેળવ્યા બાદ, વૈકલ્પિક વિવાદ નિરાકરણ પદ્ધતિઓમાં પી.જી. ડિપ્લોમા કરો.

૩. ભારતીય આર્બિટ્રેશન કાઉન્સિલ સાથે નોંધણી કરો (આ એન્ટ્રી-લેવલ જોબ નથી)

**પ્રવેશ પરીક્ષાઓ:** લૉ કૉલેજમાં પ્રવેશ માટે, તમારે સી.એલ.એ.ટી.(કોમન લો એડમિશન ટેસ્ટ), સી.એલ.એ.ટી. પી.જી./ એ.આઈ.એલ.ઈ.ટી.પી.જી.,/ એ.આઈ.એલ.ઈ.ટી. (ઓલ ઇન્ડિયા લો એન્ટ્રસ ટેસ્ટ), એલ.એસ.એ.ટી. (ધ લો સ્કૂલ એડમિશન ટેસ્ટ), આઈ.એલ.આઈ.સી.એ.ટી. જેવી પ્રવેશ પરીક્ષાઓમાં યોગ્યતા પ્રાપ્ત કરવી આવશ્યક છે.

જો કોઇ વિદ્યાર્થી મધ્યસ્થતામાં કારકિર્દી બનાવવામાં રસ ધરાવે છે તો તે યુવા આઈ.સી.સી.એ., આઈ.સી.સી., વાય.એ.એફ., વાય.એસ.આઈ.એ.સી., વગેરે સાથે સંકળાયેલા સમૂહો સાથે જોડાયને મધ્યસ્થતા અંગેના સંમેલનોમાં સક્રિય રીતે ભાગ લઈ શકે છે.

તદ્ઉપરાંત, તમારા રસના ક્ષેત્રો સાથે સંબંધિત સર્વશ્રેષ્ઠ મૂક કોર્ટ સ્પર્ધામાં ભાગ લો. સંમેલનો અને કાર્યક્રમોમાં ભાગ લો. (એક સ્વયં સેવક તરીકે અથવા સ્પર્ધક તરીકે ભાગ લો.) વિશેષ વિષયોમાં ડિપ્લોમા અથવા ઓનલાઈન કોર્સ કરો. મહત્ત્વના નિર્ણયો અને લેખ વાંચો જેના થકી તમે માહિતગાર રહી શકો છો.

કૃપા કરીને નોંધણી દરમિયાન અભ્યાસક્રમનો સમયગાળો તપાસો

## અપેક્ષિત આવક

*અહી આપેલ આંકડાઓ ફક્ત સૂચક છે અને ફેરફારને પાત્ર છે.

મધ્યસ્થીનું અંદાજીત માસિક વેતન

**રૂ. ૮૦,૦૦૦ થી ૧,૨૦,૦૦૦*** જેટલું હોય છે.

સ્રોત: http://www.payscale.com/research/IN/Skill=Arbitration/Salary

## તમે ક્યાં કામ કરશો?

**કાર્યસ્થળ :** સંસ્થાઓ, સ્વતંત્ર સલાહકાર તરીકે પરામર્શ આપી શકો છો.

**ઉદ્યોગ સાહસિકતા:** તમે કન્સલટન્ટ તરીકે અથવા ફ્રિલાન્સર તરીકે કામ કરી શકો છો.

**કાર્યસ્થળનું વાતાવરણ:** તમે ઓફિસમાં બેસીને કામ કરશો, પરંતુ તમે મીટીંગ અથવા અદાલતની કાર્યવાહી માટે ઘણીવાર મુસાફરી પણ કરશો. વધુ લાંબા કલાકો સુધી કામ કરવાનું બની શકે છે.

આ ક્ષેત્રમાં દિવ્યાંગ લોકો માટે કામ કરવાની તકો ઉપલબ્ધ છે.

## અપેક્ષિત પ્રગતિ પથ

આર્બિટ્રેટર/ઇન્ટર્નના મદદનીશ → આર્બિટ્રેટર → વરિષ્ઠ આર્બિટ્રેટર **અથવા**
જુનિયર એસોસિયેટ → સિનિયર એસોસિયેટ → પ્રિન્સિપલ એસોસિયેટ → પાર્ટનર

**સર્ચ માટેના કીવર્ડ્સ ...**

આર્બિટ્રેટર, મિડિએટર, નિગોશિએટર

## તમે અભ્યાસ ક્યાં કરશો?

**કેટલીક સંસ્થાઓ, જે આર્બિટ્રેશન અને વૈકલ્પિક વિવાદ નિરાકરણ પદ્ધતિઓ પર અભ્યાસક્રમો (ઓનલાઈન અને ઓફલાઈન) ઓફર કરે છે.** સંસ્થાઓની આ યાદી માત્ર સૂચક છે.

**સંસ્થાઓની આ યાદી માત્ર સૂચક છે.**

૧. સેન્ટર ફોર પોસ્ટ ગ્રેજ્યુએટ લીગલ સ્ટડીઝ (ઓ.પી. જિંદાલ ગ્લોબલ ઇન્સ્ટિટ્યુટ), હરિયાણા
૨. નિરમા યુનિવર્સિટી, અમદાવાદ
૩. નેશનલ એકેડમી ઓફ લીગલ સ્ટડીઝ એન્ડ રિસર્ચ, હૈદરાબાદ
૪. લો સ્કિલ્સ, નોઇડા
૫. ઇન્સ્ટિટ્યુટ ઑફ લીગલ એન્ડ મેનેજમેન્ટ સ્ટડીઝ, હરિયાણા
૬. પારુલ યુનિવર્સિટી, વડોદરા
૭. આઈ.એલ.એસ. લો કોલેજ, પુણે
૮. શૂલિની યુનિવર્સિટી, હિમાચલ પ્રદેશ
૯. ઇન્ડિયન ઇન્સ્ટિટ્યુટ ઓફ આર્બિટ્રેશન એન્ડ મિડિએશન, કોચીન
૧૦. મારવાડી યુનિવર્સિટી, રાજકોટ
૧૧. ઈન્સ્ટિટ્યુટ ઓફ કોસ્ટ એકાઉન્ટન્ટ્સ ઓફ ઈન્ડિયા
૧૨. મહારાષ્ટ્ર નેશનલ લો યુનિવર્સિટી, મુંબઈ
૧૩. સીટી યુનિવર્સિટી, પંજાબ
૧૪. સિમ્બાયોસિસ લો સ્કૂલ, પુણે
૧૫. ધ લો લર્નર્સ

સંસ્થાઓના રેન્કિંગની માહિતી અહીં ઉપલબ્ધ છે -
https://www.nirfindia.org/2022/Ranking.html

મને સ્કેન કરો

વેબસાઈટ પર જુઓ

## સાફલ્ય ગાથા

એડવોકેટ **તારિક ખાન** હૈદરાબાદના ઇન્ટરનેશનલ આર્બિટ્રેશન એન્ડ મિડિયેશન સેન્ટરના રજિસ્ટ્રાર છે. અગાઉ તેમણે અડવાણી એન્ડ કંપની સાથે કામ કર્યું હતું. તેઓ આંતરરાષ્ટ્રીય અને સ્થાનિક લવાદો, એમ.એસ.એમ.ઇ. વિવાદો, રિટ, વાણિજ્યિક, રોજગાર, નાદારી અને નાદારી કાયદાઓમાં કામ કરે છે. તેમણે જામિયા મિલિયા ઈસ્લામિયા, દિલ્હીથી એલ.એલ.બી. કર્યું છે. ૨૦૨૦-૨૦૨૧માં તેમણે ફોર્બ્સની ટોચના વ્યક્તિગત વકીલોની યાદીમાં સ્થાન મેળવ્યું. બી.ડબ્લ્યુ. (બિઝનેસ વર્લ્ડ) દ્વારા પ્રસિદ્ધ ૪૦ વર્ષથી ઓછી વયના ૪૦ વકિલોની યાદીમાં સૂચિબદ્ધ થનાર તેઓ સૌથી યુવા વકીલ પણ હતા.*

સ્રોતઃ https://desikaanoon.in/interview-of-tariq-khan-advocate-registrar-at-international-arbitration-and-mediation-centre-former-partner-advani-co

*ઉપરોક્ત માહિતી ફક્ત તાલીમ હેતુઓ માટે છે અને તેનો ઉપયોગ કોઈપણ વ્યાવસાયિક લાભ માટે કરવામાં આવશે નહીં.